RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 215* Date: 02.06.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટ અને અનલોક-૧ની વચ્ચે રાહતના સમાચારા,ખેડૂતો આનંદો

## કેરળમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: ૯ જિલ્લામાં યલો એલર્ટ

### કેરળમાં સમયસર આગમનથી મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત ઉત્તર ભારતમાં ચોમાસુ વેળાસર આવશે

તિરુવનંતપુરમ્‌,તા.૧

કેરળમાં નૈઋત્યના ચોમાસાએ દસ્તક દઇ દીધી છે. હવામાન વિભાગના મતે દક્ષિણ-પશ્ચિમ મોનસૂન કેરળ પહોંચી ગયું છે. IMDના ઉપ મહાનિર્દેશક આનંદ કુમાર શર્માએ કહ્યું કે આજે કેરળમાં ચોમાસાનું આગમન થયું. લો પ્રેશર સર્જાતા ૩-૪ તારીખની વચ્ચે દાદરા નગર હવેલી, નોર્થ કોંકણ, નોર્થ મધ્ય મહારાષ્ટ્ર, દીવ દમણમાં વરસાદ પડશે. અહીં લોકોએ સાવધાની રાખવી પડશે. ૨ જૂન અને ૫ જૂન વચ્ચે મહારાષ્ટ્ર અને ગુજરાતના તટ પર ઉંચા મોજા ઉછળે તેવી શક્યતા છે. તેની ઉંચાઈ ૧૨થી ૧૬ ફૂટ સુધીની હોઈ શકે છે. જ્યારે તેની સ્પીડ ૬૦થી ૯૦ કિમી પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે. ત્યારપછી આ ઓછા દબાણવાળો વિસ્તાર નિસર્ગ ચક્રવાતમાં ફેરવાઈ જશે. હવામાન વિભાગ અનુસાર આ વર્ષે ચોમાસું સામાન્ય રહેશે.

ચોમાસાએ નક્કી કરેલા સમયે કેરળમાં એન્ટ્રી કરી છે. મહત્વનું છે કે કેરળમાં થોડા દિવસથી પ્રી મોનસૂન વરસાદ થતો રહ્યો છે. રાજધાની તિરુવનંતપુરમમાં આજે ભારે વરસાદ થયો છે.



કેરળમાં ભારે વરસાદ સાથે ભારતીય હવામાન વિભાગએ રાજ્યનાં ૯ જિલ્લાઓને યલો એલર્ટ જારી કરી દીધેલ છે. હવામાન વિભાગે કેરલનાં તિરુવનંતપુરમ, કોલ્લમ, પઠાનમથિટ્ટા, અલાપુઝ્ઝા, કોટ્ટાયમ, એર્નાકુલમ, ઇડુક્કી, મલપ્પુરમ અને કન્નૂર જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરી દીધેલ છે.

કેરલનાં મોટા ભાગનાં વિસ્તારોમાં ભારે વરસાદ પણ શરૂ થઇ ગયો છે જેને લીધે તાપમાનમાં ખૂબ મોટો ઘટાડો થયો છે. હવામાન વિભાગનાં જણાવ્યાં અનુસાર તિરુવનંતપુરમમાં દિવસનું તાપમાન ૨૫ ડિગ્રી સુધી ચાલ્યું ગયું છે. કેરલનાં દક્ષિણ કિનારાનાં વિસ્તારો અને લક્ષદ્વીપમાં છેલ્લાં ચાર દિવસોથી સતત વરસાદ થઇ રહ્યો છે.

તમને જણાવી દઇએ કે હવામાન વિભાગે શનિવારનાં રોજ આને ચોમાસાં પહેલા વરસાદનો વરસાદ કહ્યો હતો. જ્યારે હવામાન પૂર્વાનુમાન એજન્સી સ્કાઇમેટે એવો દાવો કર્યો હતો કે દક્ષિણ-પશ્ચિમી ચોમાસાંએ કેરલનાં કિનારા પર દસ્તક દઇ દીધું છે. જો કે, ભારતીય હવામાન વિભાગે સ્કાઇમેટનાં દાવાઓને ખારીજ કરતા કહ્યું હતું કે, હાલમાં પરિસ્થિતિઓ આવી જાહેરાત કરવા અનુકૂળ નથી.

ભારતીય હવામાન વિભાગનાં મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ રવિવારનાં રોજ કહ્યું હતું કે, હજી સુધી ચોમાસું કેરલ નથી પહોંચ્યું. અમે નિયમિત રૂપથી તેની પર નજર બનાવી રાખી છે. ૧ જૂનનાં રોજ કેરલમાં ચોમાસું આવી જાય તેવું અનુમાન છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં પણ ભારતીય હવામાન વિભાગે પોતાનાં પૂર્વાનુમાનમાં કહ્યું હતું કે, કેરલમાં આ વખતે ચોમાસું મોડેકથી આવશે. હવામાન વિભાગે જણાવ્યું કે, કેરલમાં આ વર્ષે ચોમાસું ૫ જૂન સુધી આવી શકે છે.

ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દર વર્ષે જૂનથી લઇને સપ્ટેમ્બર સુધી ૪ મહીના સુધી રહે છે. સામાન્ય રીતે વરસાદ સૌથી પહેલાં કેરલમાં જ આવે છે. ત્યાર બાદ અલગ-અલગ રાજ્યો સુધી પહોંચે છે. ગયા વર્ષે અંડમાન-નિકોબારમાં ચોમાસું નક્કી કરેલી તારીખનાં બે દિવસ પહેલાં એટલે કે ૧૮ મેનાં રોજ આવી ગયું હતું પરંતુ તેની ગતિ ધીમી પડવાથી કેરલમાં મોડેકથી પહોંચ્યું હતું.

### અત્યાર સુધી ૫૪૦૮ સંક્રમિતોના મોત,મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૨૮૬ લોકોના મોત

## કોરોના મહાસંકટ: ૨૪ કલાકમાં ફરી ૮૩૯૨ કેસો નોંધાયા, ૨૩૦ના મોત

નવી દિલ્હી,તા.૧

કોરોના મહામારી સામેની લડાઇમાં ભારતે હવે અનલોક-૧ની જાહેરાત કરીને વધુ છૂટછાટો આપી છે ત્યારે આજે સોમવારે સવારે ૯ વાગે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૮૩૯૨ નવા કેસ નોંધાયા હતા. ગઇકાલે પણ ૮ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં હતા. છેલ્લા એક અઠવાડિયામાં ૫૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ અટકવાને બદલે વધી રહ્યો હોય તેમ દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખની નજીક પહોંચવામાં છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવાર સવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૧૯૦૫૩૫ સુધી પહોંચી ગયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૮૩૯૨ નવા કેસ નોંધાયા છે. તે સાથે દેશભરમાં અત્યાર સુધી ૧,૯૦,૬૨૨ લોકો કોરોનાના સંક્રમામાં આવી ગયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૦લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૩૯૪ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૯૩૩૨૨ એક્ટિવ કેસ છે. અત્યાર સુધી દેશભરમાં ૯૧,૮૫૫ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૬૭,૬૫૫ દર્દીઓ મહારાષ્ટ્રમાં છે અહીંયા ૨,૨૮૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. તમિલનાડુ ૨૨,૩૩૩ સંક્રમિતો સાથે બીજા નંબરે છે અહીં ૧૭૬ લોકોના મોત થયા છે. સાથે જ ૧૯,૮૪૪ સંક્રમિતો સાથે દિલ્હી ત્રીજા ક્રમે છે. દરમ્યાનમાં, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે દિલ્હીની તમામ બોર્ડર સીલ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આગામી એક સપ્તાહ સુધી દિલ્હીના તમામ બોર્ડર સીલ કરી દેવાશે. ત્યારબાદ લોકોના જે સૂચનો મળશે, તેના આધારે બીજો નિર્ણય લેવાશે.

છેલ્લા ૨૪ કલાકમાં ૧,૦૦૧૮૦ સેમ્પલની તપાસ કરાઇ છે. અત્યાર સુધી ૩૮,૩૭,૨૦૭ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. ૮ જૂનથી બિહારમાં ૪૫૦૦ ધાર્મિક સ્થળ ખુલશે, મહાવીર મંદિર માટે ઓનલાઇન બુકિંગ કરાશે આજથી રોજ વધુ ૨૦૦ ટ્રેન દોડતી થઇ છે. દિલ્હી-નોઇડાની બોર્ડર હજુ પણ બંધ હોવાથી , જામ જેવી સ્થિતિ છે.

### આર્થિક પ્રવૃતિઓ ધમધમવા લાગી, કરોડો લોકોને રાહત

## સોશ્યલ ડિસ્ટન્સીંગના સહારે અનલોક-૧ના પહેલાં જ દિવસથી દેશ પાટે ચઢ્યો

### ટ્રેનો-બસોનો વ્યવહાર શરૂ,દુકાનો-બજારો-કારખાના વગેરેમાં ધમધમાટ,રાત્રે ૯થી સવારે ૫ સુધી સંચારબંધી, ૮મીથી મંદિરો, મલ્ટિપ્લેક્સ, મોલ્સ, વગેરે ખુલશે

નવી દિલ્હી,તા.૧

આખરે ૬૮ દિવસ બાદ જાણે કે સમગ્ર દેશ દોડતુ થયુ હોય, ધમધમતુ બન્યું હોય તેવા દ્રશ્યો આજે ઠેરઠેર જોવા મળ્યા હતા. કોરોના લોકડાઉન-૫ કે જેને અનલોક-૧ એવું નામ આપવામાં આવ્યું છે તેની ગાઇડલાઇન પ્રમાણે આજે ગુજરાત સહિત અંદાજે ૯૫ ટકા દેશ પુનઃ દોડવા લાગ્યો હતો.. અર્થતંત્રની ગાડી ધમધમાટ દોડવા લાગી હતી. જાણે કે કેદમાંથી છૂટ્યા હોય તેમ મોટા ભાગના લોકો બહાર નિકળ્યા હતા. કેન્દ્ર સરકારના આદેશ અનુસાર આજથી આખા દેશમાં મોટાભાગની આર્થિક પ્રવૃતિઓ શરૂ થઇ ગઈ છે. આજથી 'અનલોક ૧.૦'નો પ્રારંભ થયો છે. એ સાથે જ દેશભરમાં સુરક્ષા, સાવધાની, સોશ્યલ ડીસ્ટન્સીંગ સાથે બજારો, દુકાનો, સરકારી ઓફિસો, બેંકો, પ્રાઈવેટ કંપનીઓ, ટ્રેનો, બસ સેવા વગેરેનો પ્રારંભ થઈ ગયો છે.જો કે સિનેમાના રસિયાઓ, શોપિંગના રસિયાઓ અને ધાર્મિકવૃતિના ભક્તોએ ૮મીથી સુધી રાહ જોવી પડશે. કેમ કે ૮મીથી મોલ, મંદિરો અને મલ્ટીપ્લેક્સ ખુલી જશે. અલબત્ત, કોરોના વકરે નહિ તે માટે રાત્રે ૯ થી સવારે ૫ સુધી સંચારબંધી ચાલુ રહેશે. ૨૦૦ ટ્રેનોનો આજથી પ્રારંભ પણ થયો હતો.

દિલ્હી સહિત દેશના મોટા ભાગના શહેરો, રાજ્યો અને સંઘપ્રદેશમાં સામાન્ય સ્થિતિ ધીમે ધીમે જોવા મળી હતી. રસ્તાઓ પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. સરકારી અને ખાનગી ઓફિસોમાં આજે અવરજવર અને ધમધમાટ જોવા મળ્યો હતો. દરેક રાજ્યોમાં આંતરિક બસ વ્યવહાર શરૂ કરવા પ્રયાસો પણ શરૂ થયા હતા. તો ધીમે ધીમે બે રાજ્યો વચ્ચે પણ એસટી બસ વ્યવહાર શરૂ થવા જઇ રહ્યો છે.ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ જૂન સુધી નિયંત્રણો રહેશે. તે સાથે જ સ્કૂલ, કોલેજો હજુ બંધ જ રહેશે. રાજ્યો રાજ્યનો વચ્ચે આજથી આંતરરાજ્ય વાહનવ્યવહાર પણ શરૂ થઈ ગયો છે. આજથી મોટાભાગની છૂટછાટો સાથે આર્થિક પ્રવૃતિ શરૂ થતા લોકોને મોટી રાહત થઈ છે. આજથી જ બજારો સાંજે ૭ સુધી ખુલ્લામ રહેશે. કોરોના વાયરસને હરાવવાની નેમ સાથે સરકાર અને લોકોએ આજથી પુનઃ પોતાનુ કામકાજ શરૂ કરી દીધુ છે. દેશમાં આજથી અનલોક 1 (Unlock 1)નો અમલ થઈ રહ્યો છે. જેમાં શરતો સાથે છૂટછાટ આપવામાં આવી છે. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે તેમ સૌથી જરૂરી એ છે કે આ રાહત વચ્ચે પણ યાદ રાખવું જરૂરી કે કોરોનાનું જોખમ હજુ ટળ્યું નથી. આથી સાવચેત રહેવું ખુબ જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ ૧૯ સામેના યુદ્ધમાં કોઈ પણ પ્રકારની શિથિલતા પ્રદર્શિત કરવાના લોકોને સાવધ કર્યા અને તેમને વધુ સતર્કતા તથા સાવધાની રાખવાનું પણ કહ્યું છે. તેમણે કહ્યું કે બેદરકારી કે ઢીલું વલણ કોઈ વિકલ્પ હોઈ શકે નહીં.

આજે ૧ જૂનથી ૨૦૦ ટ્રેનોની શરૂઆત પણ રેલવે દ્વારા થઈ હતી.. પહેલા દિવસે ૧૪૫૦૦૦ મુસાફરો ટ્રેનમાં મુસાફરી કરવા જઈ રહ્યાં હતા. આખા મહિનામાં ૩૦ દિવસમાં ૨૬,૦૦,૦૦૦ મુસાફરોએ ટિકિટ બુક કરાવી છે. આરએસી ટિકિટ મેળવનારા પણ મુસાફરી કરી શકશે.

વેઈટિંગ લિસ્ટ બહાર તો પડશે પરંતુ ટ્રેનના સમય પહેલા જો ટિકિટ કન્ફર્મ નહીં થાય તો તેઓ મુસાફરી કરી શકશે નહીં. સૂત્રોએ કહ્યું કે, બીજા તબક્કામાં શાળા કોલેજો ખોલવા પર રાજ્ય સરકારો વિચાર કરશે. મેટ્રો, રેલવે અને આંતરરાષ્ટ્રીય ઉડાણો પર ત્રીજા તબક્કામાં જ નિર્ણય લેવાશે. હાલ થિયેટરો, જિમ અને સ્વિમિંગ પૂલ બંધ રહેશે. પરંતુ ત્રીજા તબક્કામાં તેને ખોલવા પર નિર્ણય લઈ શકાય છે. ખાસ વાત એ છે કે કન્ટેઈન્મેન્ટ ઝોનની અંદર બધુ જ બંધ રહેશે. પરંતુ કન્ટેઈન્મેન્ટ ઝોનની બહાર તબક્કાવાર રીતે બધુ ખોલવામાં આવશે.

### અનલોક-૧ના પહેલાં જ દિવસે ઝાટકો

## પડ્યા પર પાટુ: સબસીડી વગરના રાંધણ ગેસમાં વધારો ઝિકાયો....!

નવી દિલ્હી,તા.૧

કોરોના મહામારીના વાઇરસ ને રોકવા માટે લોકડાઉન ૫.૦ના પ્રથમ દિવસે જ લોકોને ઝાટકો લાગ્યો છે. દેશની ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ સબસિડી વગરના એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતોમાં વધારાનું એલાન કરવામાં આવ્યું છે. ૧૪.૨ કિગ્રાવાળા સબસિડીવાળા એલપીજી સિલિન્ડરના ભાવ દિલ્હીમાં ૧૧.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર મોંઘુ થઇ ગયું છે. હવે નવી કિંમતો વધીને ૫૯૩ રૂપિયા થઇ ગઇ છે. બીજી બાજુ ૧૯ કિગ્રાવાળા સિલિન્ડરનો ભાવ ૧૧૦ રૂપિયા વધીને ૧૧૩૯.૫૦ રૂપિયા થઇ ગયો છે.

ઇન્ડિયન ઓઇલ કંપનીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે આંતરરાષ્ટ્રીય બજારમાં જૂન મહિના માટે રસોઈની ગેસની નવી કિંમત જાહેર થઇ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતમાં વધારાના કારણે દિલ્હીમાં રસોઇગેસનું બજાર મૂલ્ય પ્રતિ સિલિન્ડર ૧૧.૫૦ રૂપિયા વધારવામાં આવ્યો છે.

'જોકે તેનાથી વડાપ્રધાન ઉજ્વલા યોજનાના લાભાર્થી પ્રભાવિત થશે નહી. કારણકે વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૩૦ જૂન સુધી વિનામૂલ્યે સિલિન્ડર આપવામાં આવશે. અન્ય શહેરોમાં પણ ઘરેલુ રસોઈ ગેસ સિલિન્ડરના ભાવ આજથી વધારો કરવામાં આવ્યો છે. કલકત્તામાં તે ૩૧.૫૦ રૂપિયા મુંબઈમાં ૧૧.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૩૭ રૂપિયા મોંઘો થયો છે, હોટેલ, રેસ્ટોરન્ટ વગેરેમાં ઉપયોગ થનારા ૧૯ કિગ્રાના રસોઈ ગેસની કિંમત ૧૦૦ રૂપિયાથી વધુ છે. દિલ્હીમાં તેની કિંમત ૧૧૦ રૂપિયા વધીને ૧૧૩૯.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૧૦૯.૫૦ રૂપિયા વધીને ૧૨૫૪ રૂપિયા થયો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૪૨૩**


**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૨૧૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૮૬૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૦૭૮૦**

## કોરોના વોરિયર્સની મદદથી ભારતની જીત નક્કી છે: મોદીનો અડગ વિશ્વાસ



નવી દિલ્હી,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સોમવારે કર્ણાટકના રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સના સિલ્વર જ્યુબલી કાર્યક્રમનું વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે આ પ્રસંગે કહ્યું કે, વાઇરસ જોવા મળતો નથી, પણ આપણા પોલીસકર્મી, મેડિકલ ટીમ એટલે કે આપણા કોરોના વોરિયર્સ જોવા મળે છે. એ લોકો અડગ છે. આ લડાઇ જોવા ન મળતા દુશ્મનો-અદ્રશ્ય અને મજબૂતાઈથી ઝઝૂમી રહેલા યોદ્ધાઓ વચ્ચે છે. જેમાં આપણા મેડિકલ વર્કર્સની જીત નક્કી છે. હું સ્પષ્ટ કહેવા માગું છું કે કોરોનાની લડાઈમાં કામ કરી રહેલા ફ્રન્ટલાઈન વર્કર્સ સાથે અભદ્ર વર્તન અને હિંસા ક્યારે ચલાવી લેવાશે નહીં.

મોદીએ એવું પણ કહ્યું કે, ભારતમાં દુનિયાની સૌથી મોટી હેલ્થકેર સ્કીમ આયુષ્માન ભારત ચાલી રહી છે. બે વર્ષથી ઓછા સમયમાં આનાથી એક કરોડ લોકોને ફાયદો મળ્યો છે. આ યોજનાથી સૌથી વધારે ફાયદો મહિલાઓ અને ગ્રામીણ લોકોને થયો છે. ૨૨ એઈમ્સ ઝડપથી બનાવવા માટે અમે તનતોડ મહેનત કરી રહ્યા છીએ. છેલ્લા ૫ વર્ષોમાં એમબીબીએસની ૩૦ હજાર અને પીજીની ૧૫ હજાર સીટ વધારવામાં સફળતા મળી છે.

## તંત્રી સ્થાનેથી...

# અર્થતંત્રને દોડતુ કરવા લોકો સ્વદેશી ઉત્પાદનો તરફ ક્યારે વળશે.....?

*વિશ્વભરમા કોરોનાના કહેર વચ્ચે મોટાભાગના દેશોએ પોત પોતાના અર્થતંત્રને બેઠું કરવા કે દોડતું કરવા ઉત્પાદન કરતા તમામ પ્રકારના એકમો, ઉદ્યોગો, બજારો, ધંધા શરૂ કરાવી દીધા છે.... અને લોકડાઉન સાથે લોકોને કોરોના સાથે જીવવા માટે તૈયાર કરી દીધા છે... તે સાથે લોકોને સામાન્ય રાહત મળવાનું શરૂ થઈ ગયું છે......! ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૮૫ હજારને આંબવાની તૈયારી મા છે જ્યારે મૃતાક ૫,૩૩૮ પર પહોંચી ગયો છે. ભારતમાં બે માસના લાંબા લોકડાઉનને કારણે લોકોની બેહાલી વધતી જઈ રહી હતી.... તો પરપ્રાંતીઓની આવક બંધ થતાં તેમજ ખાવાની તકલીફો ઊભી થતાં વતન તરફ ભાગવા લાગ્યા.... ત્યારે કેન્દ્ર સરકાર પણ સમજી ગઈ કે હવે લોકો લાંબુ બંધન ઈચ્છતા નથી.જો લોકડાઉન લંબાવવામા આવશે તો અમેરિકા,યુરોપિય દેશો જેવી સ્થિતિ બની શકે.....! ઉપરાંત સરકાર પર આર્થિક બોજ વધતો ચાલ્યો હતો ત્યારે કેન્દ્ર સરકારે છેવટનો રસ્તો અખત્યાર કર્યો.... લૉકડાઉન ને નવું નામ આપ્યું ×અનલોક× અને તે સાથે નિર ણયો કરવ:ની તમામ સત્તાઓ રાજ્યોને આપી દીધી. જે કારણે જે તે રાજ્યમાં ખરેખર સાચા અર્થમાં* ***hotspot*** *છે તે વિસ્તારો પુરતું જ એટલે કે લૉકડાઉન નો સિમિતમાં અમલ કરવા સાથે બાકીના તમામ બજારો, કામ, ધંધા,નાના મોટા કારખાના, ઉદ્યોગો ધમધમતા થઈ જાય અને લોકોની આવક શરૂ થઈ જાય. તે સાથે જે તે રાજ્ય સરકારોએ જરૂરી કન્ટેનમેન્ટ વિસ્તારો પૂરતુ લૉકડાઉન જાહેર કરી અન્ય વિસ્તારોને ધમધમતા કરાવી નાખ્યા.... તો ટ્રાન્સપોર્ટ સુવિધા પણ મર્યાદામાં શરતોને આધીન દોડતી કરાવી દીધી. પરિણામે રોજમદારો, મજુરો, ગરીબ,લોઅર મધ્યમ વર્ગમાં સવિશેષ ખુશી વ્યાપી ગઈ છે. જોકે અનેક બજારોમાં ચીજવસ્તુઓના અભાવ કે અછતને કારણે અનેક દુકાનો ખુલી ન હતી પરંતુ નાના વેપારીઓ માલ ખરીદીને દુકાનો ખોલી નાખશે જેના કારણે બજારમાં સામાન્ય ચમકની શરૂઆત અવશ્ય આવી જશે....*

*આમ છતાં લોકોએ લૉકડાઉન નિયમોનુ પાલન કરવાનું જરૂરી રહેશે. નહીં તો.....દુષ્કળ પરિણામો પણ આવી શકે....! તેમાં શંકાને સ્થાન નથી......!ગુજરાતમાં અમદાવાદ ખાતે આવેલ પ્રખ્યાત સિવિલ હોસ્પિટલ માટે દેશભરના લોકોના હૃદયમાં અનેરું સ્થાન હતું જે નામ કોરોના દર્દીની સેવા સુશ્રુષાની ખામીને લઈને લોકો તેનાથી દૂર ભાગવા લાગ્યા હતા. તો ડોકટરો સહિતનાને આંતરિક મેડિકલ સુરક્ષા સાધનોની કમી હતી. જેને કારણે સિવિલ હોસ્પિટલની બદનામી વધતી ચાલી હતી... ત્યારે હાઈકોર્ટમાં સુઓમોટો દાખલ થયા પછી નામદાર અદાલતે જે આદેશો આપ્યા- દિશા નિર્દેશ આપ્યા તેના કારણે હાલ સિવિલ હોસ્પિ.નુ સમગ્ર તંત્ર જોરદાર રીતે કાર્યરત થઈ ગયું છે. તે હકીકત સ્વીકારવી રહી......!*

*આપણા વડાપ્રધાનશ્રીએ સ્વ નિર્ભર નો જે મહામંત્ર આપ્યો છે તેનો દેશભરના લોકો ખરા હૃદયથી અમલ કરે તો દેશના અર્થતંત્રની ગાડી પાટા પર દોડતી થઈ જાય તેમ છે.... અને તે માટે એક બાબત પૂરતી છે અત્યારે ગરમીની-ઉનાળાની મોસમ છે ત્યારે ઠંડા પિણાનો વપરાશ વધુ પ્રમાણમાં છે. અને લોકો કોકાકોલા સહિતના વિદેશી ઠંડા પીણા પીવે છે.... તો ભારત વિદેશમાં શેરડીનો લીબુ-આદુયુક્ત રસ બોટલ પેકિંગમાં, કેરીનો રસ એટલે કે માઝા, ઓરેન્જ જેવા અનેક પીણાઓ ભારતમાં ઉત્પાદન થાય છે અને આવા કુદરતી પીણાની બોટલો વિદેશોમા સપ્લાય કરે છે. તો આપણે પોતે જ આપણા કુદરતી હેલ્ધી પીણાના ઉપયોગ કરવા તરફ વળીએ તો દેશનુ કરોડો રૃપિયાનું હુંડીયામણ બચી જાય... તે વાસ્તવિક બાબત છે.... દેશમાં એકે એક ઉત્પાદનો એવા મજબૂત છે કે વિદેશી બનાવટો તેની સામે ટક્કર લઈ શકે તેમ નથી.....!*

*હાલ વિશ્વભરમાં અનેક દેશો ચીન તરફશંકાની નજરે જોઈ રહ્યા છે... ત્યારે વિશ્વના ૧૦ જેટલા દેશો ચીન પાસેથી ટેકનોલોજી કે સાધનો નહીં ખરીદે અને ચીનના માલનો બહિષ્કાર કરશે જેનાથી ચીનને આર્થિક રીતે ગંભીર ફટકો પડશે......! ત્યારે ભારતમાં આદી અનાદીકાળથી લોકો સ્વનિર્ભર નીતિ પર ચાલતા રહ્યા છે. તો દેશ જ્યારે આફતના સમયમાં છે ત્યારે સુખી, સંપન્ન લોકો, એન.આર.આઈ લોકો વિદેશી વસ્તુથી દૂર રહી ભારતમાજ મૂળ ભારતીય કંપનીના જ ઉત્પાદન કરવામા આવેલ ચીજવસ્તુઓ ખરીદીને દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા સાથે દેશ પ્રેમ દર્શાવવા તૈયાર થશે ખરા.....?! વંદે માતરમ્*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૨/૦૬/૨૦૨૦, મંગળવાર, જેઠ સુદ-૧૧
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૪૪, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ હસ્ત

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૪ થી અમૃત-૭-૪૪ સુધી, ૯-૨૪ થી શુભ-૧૧-૦૫ સુધી, ૧૪-૨૫ થી ચલ-લાભ-અમૃત ૧૯-૨૬ સુધી, ૧૯-૨૬થી ચલ-૨૦-૪૬ સુધી

- શુભ હોરા-
૬-૦૪ થી ૭-૧૧ સુધી, ૮-૧૭થી ૯-૨૪ સુધી, ૧૧-૩૮થી ૧૪-૫૯ સુધી, ૧૬-૦૫થી ૧૭-૧૨ સુધી

# રેલવેના કેટલાક કર્મચારીઓએ સૈનિક ટ્રેનની મૂવમેન્ટની ગોપનીય માહિતી આપી હોવાની આશંકા

નવી દિલ્હી,તા.૧

પાકિસ્તાની જાસૂસ કાંડમાં એક નવો ખુલાસો થયો છે. ભારતીય રેલવેના કેટલાક કર્મચારી પણ આર્મી ઈન્ટેલિજન્સ, આઈબી અને સ્પેશલ સેલના રડાર પર આવી ગયા છે. કેટલાક કર્મચારીઓ પાકિસ્તાની જાસૂસો સાથે ભળી ગયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ૩-૪ કર્મચારીઓને પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. આ કર્મચારીઓ પાસેથી કઈ જાણકારી કે દસ્તાવેજ લેવામાં આવ્યા હતા અને ક્યારે-ક્યારે તેમની મુલાકાત થઈ હતી, તે અંગે જાણકારી મેળવવામાં આવશે.એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે રેલવેના કર્મચારી મૂવમેન્ટ ડીપાર્ટમેન્ટ સાથે સંકળાયેલા હોઈ શકે છે. રેલવેનું આ ડિપાર્ટમેન્ટ જ સેનાના યૂનિટને ટ્રેનથી એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાનું કામ કરે છે. મળતી જાણકારી મુજબ, આમ તો દિલ્હી પોલીસના સ્પેશલ સેલે આ જાસૂસોના મોબાઈલ ફોનમાંથી ડેટા અને જાણીકારી લઈ લીધા છે. સાથોસાથ આ જાસૂસોની મૂવમેન્ટ દેશમાં ક્યાં-ક્યાં થઈ, એના વિશે પણ જાણકારી મેળવી લેવામાં આવી છે.

ઈન્ટેલિજન્સ એજન્સીઓ મુજબ, ISIના કહેવા પર આ ત્રણેય જાસૂસ પાકિસ્તાની હાઈ કમીશનમાં ઉપયોગમાં લેવાતા તમામ દસ્તાવેજ જેમ કે આધાર કાર્ડ અને બીજા દસ્તાવેજો દ્વારા નકલી નામથી જીંસ કાર્ડ ઈસ્યૂ કરાવી લેતા હતા. ત્યારબાદ ભારતીય સેનાના નાના રેન્કના કર્મચારીઓ, અધિકારીઓને પોતાની જાળમાં સફાવવાનો પ્રયાસ પણ કરતા હતા.

MI અને સ્પેશલ સેલે ગત મહિને સતત પાકિસ્તાની હાઈકમીશનના આ બંને કર્મચારીઓ અને તેમના ડ્રાઈવર પર નજર રાખવાનું શરૂ કર્યું અને પછી રવિવાર સાંજે કરોલ બાગ વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓના એક અધિકારીએ ભારતીય સેનાના એક કર્મચારી બની આબિદ અને તાહિર સાથે એક મીટિંગ ફિક્સ કરી.ઘટનાસ્થળેથી પકડી લેવામાં આવ્યાં હતા.પ્લાન મુજબ, ભારતીય સેનાના ડમી કર્મચારીએ પોતાના માટે એક સ્માર્ટફોન અને ૧૫ હજાર રોકડની ડિમાન્ડ કરી. જેને આપવા માટે જયારે પાકિસ્તાન હાઈકમીશનના ડ્રાઈવર જાવેદ, તાહિર અને આબિદને લઈને કરોલ બાગ પાકિસ્તાન હાઈકમીશનની કારથી પહોંચ્યા ત્યારે, સ્પેશલ સેલે ત્રણેયને ઘટનાસ્થળે મોબાઈલ ફોન અને રોકડ સાથે ઝડપી લઈને કસ્ટડીમાં લઈ લીધા હતા.

# સરકારી સંસ્થા ICMRના સીનિયર વિજ્ઞાની પણ કોરોનાની ચપેટમાં

નવી દિલ્હી,તા.૧

કેન્દ્રીય વૈજ્ઞાનિક સંસ્થા આઈસીએમઆર- ICMRના વરિષ્ઠ વૈજ્ઞાનિક કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આ સંસ્થા લોકડાઉનના નિયમોની ગાઈડલાઈન સરકારને આપે છે અને કોરોનાનું સંશોધન પણ કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મુંબઈથી આ વૈજ્ઞાનિક થોડા દિવસો પહેલા દિલ્હી આવ્યા હતા અને રવિવારે સવારે તેમનામાં સંક્રમણની પુષ્ટિ થઈ હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિકને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું સામે આવ્યા બાદ સમગ્ર બિલ્ડિંગને સેનિટાઈઝ કરવામાં આવી રહી છે.

સૂત્રોના કહેવા મુજબ, બે દિવસ સુધી સમગ્ર બિલ્ડિંગમાં ફ્યૂમિગેશન થશે. વૈજ્ઞાનિક ગત સપ્તાહે બેઠકમાં સામેલ થયા હતા. જેમાં આઈસીએમઆરના મહાનિર્દેશક ડો. બલરામ ભાર્ગવ સહિત અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.વરિષ્ઠ વૈજ્ઞાનિકને ચેપ લાગ્યા બાદ બિલ્ડિંગમાં કામ કરતાં કર્મચારીઓને સંદેશ મોકલીને ઘરેથી કામ કરવાની અપીલ કરવામાં આવી છે. સંદેશમાં કહેવામાં આવ્યું છે કે, માત્ર કોવિડ-૧૯ની મુખ્ય ટીમ ખૂબ જરૂરી હોય તો જ આવી શકે છે, અન્ય લોકોએ ઘરેથી કામ કરવું જોઈએ.

# ચીનની સૈન્ય ક્ષમતાઓ સામે પહોંચી વળવા અમે સાથી દેશોનો સાથ લઈશુઃ પોમ્પિયો



વોશિંગ્ટન,તા.૧

અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું કે, અમેરિકા ચીની સેનાઓની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ભારત સહિત દુનિયામાં અમારા સહયોગી દેશોનો સાથ લઈશું. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં પોમ્પિયોએ કહ્યું કે, ચીનની સેનાએ જે પ્રગતિ કરી છે, તેને સત્ય માની શકાય છે. શી જિનપિંગ સૈન્ય શક્તિ વધારવા માંગે છે. ચીન લાંબા સમયથી ભારત માટે જોખમ ઊભું કરી રહ્યું છે. તેની સામે લડવા માટે ઘણા દેશોનો સાથ લઈશું.

પોમ્પિયોના જણાવ્યાં પ્રમાણે, અમેરિકન રક્ષા વિભાગ ચીની સેનાથી થનારા જોખમને સમજવા માટે જરૂર પગલા લઈ રહ્યો છે. મને વિશ્વાસ છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વમાં આપણી સેના, રક્ષા વિભાગ અને સૈન્ય સંસ્થાન એટલા મજબૂત છે કે અમેરિકાના લોકોની રક્ષા હંમેશા કરી શકશે.

અમેરિકન વિદેશ મંત્રીએ કહ્યું, અમે ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને બ્રાઝિલ સહતિ દુનિયાના તેમના સાથી દેશોના સારા ભાગીદાર હોઈ શકે છે. એનાથી એ પણ નક્કી થઈ જશે કે પશ્ચિમ દેશોમાં આઝાદીનું જે અમેરિકન મોડલ છ તે આ દેશોમાં પણ હોવું જોઈએ. ભારત ચીન સીમા વિવાદ અંગે પોમ્પિયોએ કહ્યું કે, આ વિવાદ માર્ચથી ચાલી રહ્યો છે. ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી તેના ફાયદા માટે આવું કરી રહી છે. જોકે, ચીન લાંબા સમયથી ભારત માટે આ જોખમ ઊભું કરી રહ્યું છે

# માઈક્રોસોફ્ટમાં પત્રકારોને જગ્યાએ હવે 'રોબોટ' કરશે કામ, પત્રકારો બન્યા બેરોજગાર




કેલિફોર્નિયા,તા.૧

ટેક્નોલોજીનો ઉપયોગ લોકોનું જીવન સરળ કરવા માટે સરળ હોય છે, પરંતુ શું થાય જયારે ટેક્નોલોજીના લીધે લોકોની રોજીરોટી પર જ સંકટ આવી જાય? અમેરિકાની દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટએ પોતાના ડઝનો પત્રકારોને નોકરીમાંથી કાઢી મુક્યા છે અને તેમની જગ્યા આર્ટિફિશિયલ ઈંટેલિજેંસ સોફ્ટવેરને આપી દીધી છે. તે કર્મચારી જે માઈક્રોસોફ્ટ ની એમએસએન વેબસાઈટ પર ન્યૂઝ હોમપેજ અને બ્રિટનના લાખો લોકો દ્વારા દરરોજ ઉપયોગ કરવામાં આવતાીક્ષ્ઞ્ઞી હ્યુજીનિ સંભાળે છે, તેમણે કહ્યું કે હવે કંપનીને તેમની કોઈ જરૂર નથી, કારણ કે હવે રોબોટ તેમનું કામ કરી શકે છે. પીએ મીડિયા (જે પહેલા પ્રેસ એઓસિએશન હતી) દ્વારા નોકરી રાખવામાં આવેલા ૨૭ કર્મચારીઓને કહેવામાં આવ્યું હતું કે એક મહિનામાં તેમની નોકરી જવાની છે.

કારણ કે માઈક્રોસોફ્ટપોતાના હોમપેજ સમાચારોના સિલેક્શન, સંપાદન અને ક્યૂરેટ કરવા માટે મનુષ્યોને નોકરી ન આપવાનો નિર્ણય કર્યો છે. માઈક્રોસોફ્ટએ પોતાના નિવેદનમાં કહ્યું કે 'તમામ કંપનીઓની માફક અમે પણ નિયમિત રૂપથી અમારા બિઝનેસનું મૂલ્યાંકન કરીએ છીએ. જેના પરિણામ સ્વરૂપ કેટલીક જગ્યાઓ પર રોકાણ કરવામાં આવે છે અને સમયાંતરે ઉત્પાદન વધારવા માટે વ્યવસ્થામાં સુધારો કરી શકાય છે.

આ નિર્ણય હાલની મહામારીના કારણે લેવામાં આવ્યો નથી. માઈક્રોસોફ્ટ જેવી અન્ય ટેક કંપનીઓ સમાચાર સંગઠનો પાસેથી તેમની સામગ્રી પોતાની વેબસાઈટ પર ઉપયોગ કરવા માટે ચૂકવણી કરે છે. પરંતુ પત્રકાર નક્કી કરે છે કે કયા સમાચાર બતાવવા છે અને કઈ રીતે રજૂ કરવાના છે. એક રિપોર્ટ અનુસાર લગભગ ૫૦ કોન્ટ્રક્ટ ન્યૂઝ પ્રોડ્યૂસર જૂનના અંત સુધી પોતાની નોકરી ગુમાવી દેશે, પરંતુ પૂર્ણકાલિક પત્રકારોની ટીમ પર કોઈ ખતરો રહેશે નહી.

# અનલોક-૧ઃ શેરબજારમાં તેજીઃ સેન્સેક્સમાં ૮૭૯ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ,તા.૧

સરકાર દ્વારા જાહેર 'અનલોક ૧'નો પહેલો દિવસ ભારતીય શેરબજાર માટે સારો રહ્યો છે. ઉછાળા સાથે ખુલ્યા બાદ દિવસભરની વધઘટ પછી અંતિમ સેશનમાં પણ શેર માર્કેટમાં તેજી યથાવત રહી છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૭૯ અંક અથવા ૨.૭૧ ટકા ઉછળીને ૩૩,૩૦૩ પર બંધ આવ્યો છે.

જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૨૪૫ પોઈન્ટ કૂદીને ૯,૮૨૬ નજીક સેટલ થયો છે. બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ ૬૬૨ અંકના ઉછાળા સાથે ૧૯,૯૫૯ નજીક બંધ આવ્યો છે. ઉપરાંત બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૨.૬૫ ટકા અને ૩.૦૩ ટકા વધીને સેટલ થયા છે. વિવિધ સેક્ટર્સની વાત કરીએ તો આજે લગભગ તમામ સેક્ટર્સ વધીને બંધ આવ્યા છે.અમેરિકી ડોલર સામે રૂપિયો પ્રારંભિક આંકડાના પ્રમાણે ૮ પૈસા મજબૂત થઈ ૭૫.૫૪ રૂપિયા પ્રતિ ડોલર પર બંધ થયો છે. ઘરેલુ અર્થવ્યવસ્થા ફરીથી ખૂલવાની સરકારની યોજનાથી માર્કેટને સપોર્ટ મળ્યો છે.

# એમસીએક્સ પર આંતરરાષ્ટ્રીય સંદર્ભની કૃષિ કોમોડિટીઝના ટ્રેડિંગ સમયગાળામાં કરાયો ફેરફાર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૪૫૮૪૯ સોદામાં રૂ. ૧૨૯૭૩.૯૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૬૮૯.૮૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૮૪.૧૪ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વધઘટ સંકડાઈ ગઈ હોય તેમ સીમિત રેન્જમાં ફેરફાર થયો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલ ઘટવા સામે એલચી, કપાસ, કોટન અને સીપીઓના વાયદામાં સુધારાનો સંચાર થયો હતો.

દરમિયાન, એમસીએક્સે એક પરિપત્ર મારફત જણાવ્યું હતું કે, મંગળવાર, તા.૨ જૂનથી અમલી બને તે રીતે આંતરરાષ્ટ્રીય સંદર્ભની કૃષિ કોમોડિટીઝનો ટ્રેડિંગ માટેનો સમયગાળો જે લોકડાઉનના સમયગાળામાં સાંજે ૫ વાગ્યાનો કરવામાં આવ્યો હતો, તે હવે સવારે ૯થી રાત્રે ૯ વાગ્યા સુધીનો ફરી પાછો કરવામાં આવ્યો છે, જ્યારે ક્લાયન્ટ કોડમાં સુધારાનું સત્ર રાત્રે ૯થી ૯.૧૫ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય સંદર્ભની કૃષિ કોમોડિટીઝમાં કોટન, સીપીઓ, કપાસ અને આરબીડી પામોલીનનો સમાવેશ થાય છે. આ સિવાયની અન્ય કોમોડિટીઝનો ટ્રેડિંગનો સમયગાળો યથાવત રાખવામાં આવ્યો છે.

સોમવારે સાંજે પાંચ વાગ્યા સુધીનાં કામકાજમાં કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૪૧૨૦૨ સોદાઓમાં રૂ. ૭૯૧૬.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૫૭૧ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૯૮૪ અને નીચામાં રૂ. ૪૬૫૨૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૮ વધીને રૂ. ૪૬૭૫૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૯૪૩ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૨૮ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧ ઘટીને બંધમાં રૂ. ૪૬૭૮૭ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૦૫૮૭ ખૂલી, ઊપરમાં રૂ. ૫૧૦૬૫ અને નીચામાં રૂ. ૪૯૯૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૭ ઘટીને રૂ. ૫૦૦૬૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૩૬ ઘટીને રૂ. ૫૦૪૦૩ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૬૦ ઘટીને રૂ. ૫૦૪૪૩ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૦૯૮૫ સોદાઓમાં રૂ. ૨૪૭૫.૨૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૬૬૬ ખૂલી, ઊપરમાં રૂ. ૨૭૦૦ અને નીચામાં રૂ. ૨૬૪૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૬ વધીને રૂ. ૨૬૮૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૭૦૭ સોદાઓમાં કુલ રૂ. ૨૦૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૭૦ અને નીચામાં રૂ. ૧૫૮૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૦ વધીને રૂ. ૧૫૯૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૪૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૩ વધીને બંધમાં રૂ. ૬૪૬.૫ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૫૦૪ ખૂલી, અંતે રૂ. ૧ વધીને રૂ. ૧૫૦૪ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૬૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૭૪.૫ અને નીચામાં રૂ. ૧૦૫૭ રહી, અંતે રૂ. ૧૦૬૭.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૮૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦૬.૫ અને નીચામાં રૂ. ૯૮૪.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬.૫૦ વધીને રૂ. ૯૯૩ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૮૩૬ સોદાઓમાં કુલ રૂ. ૩૫૫૪.૭૨ કરોડ ની કીમતનાં ૭૫૪૯.૦૨૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૧૬૩૬૬ સોદાઓમાં કુલ રૂ. ૪૩૬૧.૬૫ કરોડ ની કીમતનાં ૮૬૦.૫૮૮ ટન, ક્રૂડ તેલમાં ૩૮૪૦૯ સોદાઓમાં રૂ. ૧૩૪૬.૮૮ કરોડનાં ૫૦૪૦૪૦૦ બેરલ્સ, કોટનમાં ૫૦૭ સોદાઓમાં રૂ. ૨૭.૪૦ કરોડનાં ૧૭૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૦૮૩ સોદાઓમાં રૂ. ૧૭૦.૪૫ કરોડનાં ૨૬૩૯૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૫૦ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૧૪ સોદાઓમાં રૂ. ૧.૬૧ કરોડનાં ૧૫.૧૨ ટન, કપાસમાં ૧૦૨ સોદાઓમાં રૂ. ૨.૧૩ કરોડનાં ૪૨૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૨૮૬૪.૧૦૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૪૭.૭૭૬ ટન, ક્રૂડ તેલમાં ૫૯૦૨ બેરલ્સ, કોટનમાં ૧૦૫૩૨૫ ગાંસડી, સીપીઓમાં ૩૧૦૪૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૪૬.૪૪ ટન અને કપાસમાં ૧૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૮૪.૧૪ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૭.૫૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૩.૫૭ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૬.૪૩ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૬૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૨૮ અને નીચામાં રૂ. ૮૪૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૭૧.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૬ ખૂલી, ઊપરમાં રૂ. ૮૪૦ અને નીચામાં રૂ. ૬૫૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૧૫.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૦૦.૫ અને નીચામાં રૂ. ૧૬૪૮.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૨૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૫૦ અને નીચામાં રૂ. ૮૨૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૧૨.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૭૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૬૪.૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૯.૯ અને નીચામાં રૂ. ૧૫૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૧.૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૧.૯ અને નીચામાં રૂ. ૧૦૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૩.૧ બંધ રહ્યો હતો.

# રાજ્યમાં વાવાઝોડાના પગલે તૈનાત કરાઇ એનડીઆરએફની ૧૧ ટીમો:રૂપાણી

ગાંધીનગર,તા.૧

એક બાજુ રાજ્યમાં કોરોનાનો કહેર પ્રવર્તી રહ્યો છે, ત્યારે હવે ગુજરાત પર વાવાઝોડાંનું સંકટ ઊભું થયું છે. અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન સક્રિય થયું છે અને તે સૌરાષ્ટ્ર અને કચ્છ તરફ આગળ વધી રહ્યું છે, રાજ્યમાં વાવાઝોડાના તોળાઈ રહેલા સંકટ વચ્ચે રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ ડીઝાસ્ટર વિભાગના અધિકારીઓ સાથે યોજી. જેમા મહેસૂલ પ્રધાન કૌશિક પટેલ સહિત રાજ્યના ડીપીજી પણ હાજર રહ્યા.

રાજ્યમાં વાવાઝોડાના કારણે ૧૧ એનડીઆરએફની ટીમને તૈનાત કરાઈ છે. તો વાવાઝોડા પર નજર રાખવા માટે હવામાન વિભાગને સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના કેર સતત વધી રહ્યો છે ત્યાં હવે નિસર્ગ વાવાઝોડાનું સંકટ ઘેરાયું છે. દક્ષિણ પૂર્વ નજીક પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં લો પ્રેશર ડિપ્રેશનમાં પરિવર્તિત થયુ છે. ૧૨ કલાકમાં ડિપ્રેશન ડીપ ડીપ્રેશનમાં પરિવર્તિત થશે..આગામી ૨૪ કલાકમાં તે વાવાઝોડામાં પરિવર્તિત થઈ જશે.જે દક્ષિણ ગુજરાતના દરિયા કિનારા તરફ ધીમે ધીમે આગળ વધશે.સુરતના દરિયા કિનારાથી ૯૨૦ કિલો મીટર દૂર ડિપ્રેશન જોવા મળ્યુ છે.. હવામાન વિભાગના મતે 'સાયક્લોનની તીવ્રતામાં વધારો થવાનો અંદાજ છે. રાજ્ય સરકાર પૂરતી તકેદારી રાખે તે હિતાવહ છે. આ સાયક્લોનની તીવ્રતા કેટલી હશે તે અંગે હાલમાં કંઈ પણ હવે મુશ્કેલ છે. જૂનના ગુજરાતના સમુદ્રમાં ૯૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ શકે છે. જેના પગલે માછીમારોને ૩૧ મે સુધીમાં પરત આવી જવા અને ૪ જૂન સુધીમાં દરિયો નહીં ખેડવાની સલાહ આપવામાં આવેલી છે.

# કોરોના સંકટ જોતા જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા સાદાઈથી નીકળશે



અમદાવાદ,તા.૧

ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રા ૨૩મી જૂને નિકળશે. પરંતુ અત્યારની કોરોના મહામારીની પરિસ્થિતિમાં જગન્નાથજી મંદિરમાં ટ્રસ્ટીઓ, મહંતોની રથયાત્રા સંદર્ભની પ્રાથમિક ચર્ચા માટેની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આ વર્ષે રથયાત્રા સાદાઈથી નીકળશે. જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝાએ જણાવ્યું કે, આ વખતે રથયાત્રામાં અખાડા, ટ્રક, ભજનમંડળીઓ નહીં જોડાય. જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ઝાએ જણાવ્યું હતું કે જેઠ સુદ પૂર્ણિમાએ જળયાત્રા મહોત્સવ કે જે ખૂબ જ ધામ-ધૂમ પૂર્વક ઉજવાતો હોય છે અને લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડતાં હોય છે, પરંતુ આ વર્ષે કોરોના મહામારીને પગલે ઊભા થયેલા સંજોગોને કારણે ૫મી જૂન, ૨૦૨૦ શુક્રવારે જેઠ સુદ પૂર્ણિમાએ જળયાત્રાનું આયોજન પણ અત્યંત સાદાઈથી યોજાશે. જેમાં નગરજનો જોડાઈ શકશે નહીં.

જળયાત્રામાં મંદિરના મહંત, પૂજારી અને માત્ર ગણતરીનાં વ્યક્તિઓ જ સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખીને ભગવાનનાં જળાભિષેક માટે સાબરમતી નદીનાં સોમનાથ ભૂદરના આરે જશે. જ્યાંથી વિધિવત્ ગંગાપૂજન વિધિ બાદ કળશમાં જળ ભરીને મંદિરમાં લાવવામાં આવશે. રથયાત્રાનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે જેથી શ્રદ્ધાળુઓ ઘરે બેસીને જગન્નાથજીની રથયાત્રાના દર્શન કરી શકશે. આ રથયાત્રામાં રથ ખેંચનાર સિવાય લગભગ અન્ય કોઈ નગરજનોને હાજર નહીં રહે. ભગવાનના મામેરામાં પણ આ વખતે માત્ર એક કે બે વ્યક્તિને જ આમંત્રિત કરવામાં આવશે. ૨૧ જૂને નેત્રોત્સવ વિધિ યોજાશે, પરંતુ સૂર્યગ્રહણ હોવાથી આ વખતે નેત્રોત્સવ વિધિ બપોરે ૪ વાગ્યા બાદ થશે.

### અમરેલી શહેરમાં લાઠી રોડ ઉપર

# વિદેશી દારૂ ના રૂ.૧૬૦૫૦/- ના મુદામાલ સાથે એક ઈસમને પકડી પાડતી અમરેલી સીટી પોલીસ



મ્હે.પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય સાહેબ તેમજ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલુ સાહેબનાઓએ આગામી સમયમાં ભીમ અગીયારસનો તહેવાર આવતો હોય અને આ તહેવારમાં જુગાર રમવાનું ચલણ હોય જેથી અમરેલી જીલ્લામાં દારૂ/જુગારની બદીને ડામવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરવા માટે સુચના આપેલ હોય જે અનુસંધાને અમરેલી સીટી પો.સ્ટે.ના પો.ઈન્સ. વિરેન્દ્રસિંહ આર.ખેર સા.ની રાહબરી નીચે અમરેલી સીટી પોલીસના હેડ કોન્સ. બી.એમ.વાળા તથા લોકરક્ષક હિરેનસિંહ ખેર તથા પો.કો.ન્સ. નીલેશભાઇ ડાંગર તથા મહેશભાઇ મુંધવા એ રીતેના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમરેલી લાઠી રોડ ઉપર એસ.ટી. ડીવિજન પાસે એક ઈસમ શંકાસપદ હાલતમાં ઉભો હોય જેથી તેને ચેક કરતા તેની પાસે ગે.કા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ HAYWARDS 5000 PREMIUM STRONG BEERના ૫૦૦ મી.લી.ના કંપની રીંગ પેક ટીન-૬ કિ.રૂ.૯૦૦/- તથા TUBORG PREMIUM BEER નું ટીન-૧ કિ.રૂ.૧૫૦/- તથા એક્ટીવા ગાડીની કિ.રૂ.૧૫૦૦૦/- મળી કુલ કિ.રૂ.૧૬૦૫૦/- ના મુદામાલ મળી આવેલ અને આ બીયર ના ટીન પોતાના મીત્ર દિલીપભાઇ અનકભાઇ બોરીચાએ મંગાવેલ હોવાનું જણાવતો હોય જેથી બન્ને ઈસમો વિરૂદ્ધમાં અમરેલી સીટી પો.સ્ટે.માં ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

-: પકડાયેલ ઈસમ :-

(૧) દિવ્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજા ઉ.વ.૨૩ ધંધો.પ્રા.નોકરી રહે.અમરેલી લાઠીરોડ એસ.ટી. ડિવીજન સામે વૃંદાવન પાર્ક તા.જી.અમરેલી

-: પકડવાનો બાકી ઈસમ :-

(૧) દિલીપભાઇ અનકભાઇ બોરીચા રહે.અમરેલી

રિપોટર......ભરતભાઈ ખુમાણ અમરેલી

# ધાણોધરડા ગામે જુગારધામ પકડાયું




ચાણસ્મા તાલુકાના ના ધાણોધરડા ગામે જુગાર રમાતો હોવાની બાતમીને ના આધારે ચાણસ્મા પી.આઇ શક્તિસિંહ ગોહિલ ના માર્ગદર્શન નીચે રવિવારે સાંજના સમયે રેડ કરતાં ૧૧૦૬૦ રૂપિયાની ની રોકડ સાથે ૮ આરોપી ને ઝડપી લઈ કાયદેસરની ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પકડાયેલા આરોપીઓ

(૧) ઠાકોર માધવજી મંગાજી,(૨)ઠાકોર નટવરજી ફુલસંગજી,(૩)દિનેશ કનૈયાલાલ રાવલ,(૪)ઠાકોર ગીગાજી પુનાજી,(૫)ઠાકોર દિપુજી શંકરજી,(૬)ઠાકોર જસવંત બાબુજી,(૭)પટેલ કરશનભાઈ કાશીદાસ ,(૮) હર્ષદ ભાઈ

મળી આઠ આરોપીઓ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું પી.આઈ ગોહિલે જણાવ્યું હતું.

નિખીલ જોષી ચાણસ્મા

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

ન્યુઝ ઓફ ગાંધીનગર.

: વિભાગ: ગદ્ય
શીર્ષક : રાણીની વાવની મુલાકાત

મુલાકાત નજીકનાં ભૂતકાળની જ છે. હું , મારાં મોટીબેન અને તેમની બે દીકરીઓને રિયા અને કેયા આ મુલાકાતે નીકળ્યાં હતાં.બાળકો તો ખૂબ આનંદિત હતાં કેમકે એમને તો 'ભાવતું હતું ને વૈદ્યે કીધું'.૨૫ મિનિટમાં અમે ત્યાં પહોંચ્યા હતાં.પ્રવેશ કરતાં જ લીલાં ઘાસનાં મેદાનો હતાં, આગળ જતાં અમને જે જોવાની ઉત્સુકતા હતી તેનો અંત આવ્યો.

બધાં એ પૂર્વ તરફથી આ વાવમાં પ્રવેશ કર્યો. પંદરથી વીસ દાદરા ઊતર્યા એટલે મારી નજરે વાવની ભીંતો પર દ્રષ્ટિપાત કયો.એક જ ભીંત પર ચાર હરોળમાં વિવિધ મૂર્તિઓ પર સૂક્ષ્મ નકશીકામ કરેલું હતું. આવું નકશીકામ બંન્ને ભીંતો પર હતું. જેમાં મહિસાસુરમર્દિની, પાર્વતી, ગણેશ, સૂર્યદેવ,કુબેર ,લક્ષ્મીનારાયણ, નાગ કન્યાઓ, યોગીની અને અપ્સરાઓની વિવિધ મૂર્તિઓ હતી.

રિયાએ કહ્યું, 'માસી, હું ગણેશ ચતુર્થી પર માટીનાં ગણેશ બનાવું તો આકાર આપતાં સવારથી સાંજ થઈ જતી. આ ભીંતો તેમજ સ્તંભ પર કરેલું કોતરકામ જોતા પ્રશ્ર્નો થાય છે, આમા કેટલો સમય લાગ્યો હશે?અને કોને બંધાવ્યું હતું?

ત્યાં ઊભા એક પ્રૌઢે કહ્યું, 'કેટલો સમય લાગ્યો એ તો ખબર નથી? પણ આ વાવનું બાંધકામ અન્હિલવાડ પાટણનાં સોલંકી વંશના સ્થાપક મૂળરાજના પુત્ર ભીમદેવ પ્રથમની રાણી ઉદયમતીએ ઈ.સ. ૧૦૨૨ થી ૧૦૬૩ દરમિયાન કરાવ્યું હતું. વાવ ૬૪ મીટર લાંબી, ૨૦ મીટર પહોળી અને ૨૭ મીટર ઊંડી છે, તેમજ તેમાં એક ગુપ્ત માર્ગ છે જે સિધ્ધપુર તરફ અંદાજે ૩૦ કિલોમીટરના અંતર પછી ખુલે છે. સંકટ સમયે આ માર્ગનો ઉપયોગ રાજાઓ કરતાં હશે ,પરંતુ વર્તમાન સમયમાં તે માર્ગ બંધ છે. સાત માળની આ વાવ પૂર્વ થી પ્રવેશ કરતાં પશ્ચિમ તરફ વિસ્તરેલી છે. આ વાવ જયા પ્રકારની છે.'

કેયા ધ્યાનપૂર્વક વાવ વિશે માહિતી સાંભળતી હતી. તેને તરત જ પ્રશ્ન કર્યો. 'જયા પ્રકારની વાવ ' વાવનાં પણ પ્રકાર હોય?

તેમને કહ્યું ,હા. વાવનાં ચાર પ્રકાર છે. નંદા, ભદ્રા, જયા ,વિજયા. જયા પ્રકારની વાવમાં ત્રણ મુખ અને નવ માળ સુધી હોય છે.આમ જણાવી ત્યાંથી તે આગળ જતાં રહ્યા.

કોતરકામ એટલું અદ્ભુત હતું કે ત્યાંથી નજર જ હટતી ન હતી.કલ્પના તો કરો તે સમયે ન હતા કોઈ આધુનિક યંત્ર તેમ છતાં એક પગવાળીને બેઠેલી મૂર્તિ એક જ હરોળમાં એક સરખી મૂર્તિઓ કંડારવી કેટલી મુશ્કેલ હશે?છીણી પર હથોડીનો એક ઘા ભૂલથી ઊંધો વાગી જાય તો આખી શિલાપર કરેલાં કાર્ય પર પાણી ફરી વળે.

સાત આઠ પગલા માંડ આગળ ચાલ્યા ત્યાં તો એક મોટું સુચના બોર્ડ હતું,,' આગળ જવાની મનાઈ છે ' જેથી આગળની મુલાકાત ન કરી શક્યા કારણ આગળની ઇમારત એટલી મજબૂત નથી કે પર્યટકો માટે તે ખુલ્લી મૂકી શકાય.

આ ઐતિહાસિક સ્થળને ૨૦૧૪માં વિશ્વ ધરોહરનો દરજ્જો પ્રાપ્ત થયો છે. એવી માન્યતા છે કે સરસ્વતી નદીમાં આવેલાં પૂરના કારણે આ ધરોહર દબાઈ ગઈ હશે. જેનું ઉત્ખલન ૧૯૫૮માં ભારતીય પુરાતત્વ દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૦૧૮થી આ વૈશ્વિક ધરોહરની છાપ ભારતની ૧૦૦ રૂપિયાની ચલણી નોટ ઉપર અંકિત કરવામાં આવી છે.

ઐતિહાસિક સ્થળોને જરૂર સાચવવા જોઈએ. જેથી નવીપેઢી પણ ઇતિહાસથી અને સંસ્કૃતિથી અવગત થાય?.

રુપલ પટેલ શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ,માંડવી.

---

વિભાગ ગદ્ય
શીર્ષક સુરતનો અમૂલ્ય હેરીટેજ વારસો.

સુરત એટલે સોનાની મૂરત પણ હેરિટેજ સિટી નથી પણ એમાં આવેલા ઘણા બધા ઐતિહાસિક સ્મારકો, કબ્રસ્તાન, કિલ્લાઓને હેરિટેજ તરીકે નો સમાવેશ કરવામાં આવ્યો છે.

એક યુગ પહેલા મક્કા જવા માટેનો માર્ગ ગણાતું સુરત એની પણ એક આગવી ઓળખ છે. આ ઉપરાંત હજ યાત્રીઓને જવા આવવા માટે બનાવેલ ધર્મશાળા એટલે ચોક બજાર ની મુગલીસરા.

ભાગળ તરફ જતા અડીખમ ઊભા રહીને સુરતીલાલાઓને સમય સાથે ઇતિહાસની યાદ તાજી કરાવતું મેરવાનજી ફ્રેઝરે દ્વારા બનાવવામાં આવેલો ક્લોક ટાવર.કહેવામાં આવે છે એક સમય એવો હતો શાંત વાતાવરણમાં આ કલોક ટાવરના ટકોરા આખા શહેરમાં સાંભળી શકતા હતા.

થોડેક આગળ જઈએ તો કતારગામ નજીક ગુલાબ ફળિયા વિસ્તારમાં આવેલી ડચ લોકોની કબ્રસ્તાન. સુરતમાં વેપાર કરીને વસવાટ દરમિયાન ડચ લોકોની અંતિમવિધિ માટે આ કબ્રસ્તાન બનાવવામાં આવ્યું હતું. આ કબ્રસ્તાનમાં ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટર "બેરન હેની એન્ડ્રીન વોન રીડ" ની કબર સૌથી મોટી છે. આ ઉપરાંત બીજી ઘણી બધી વિવિધ આકારોવાળી કબ્રસ્તાન અહીં જોવા મળે છે એટલે જ આ કબ્રસ્તાન એ ભારત સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક જાહેર કર્યું છે

આર્ય સમાજ મંદિર દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતી ના સાનિધ્યમાં સોની ફળિયા માં બનાવવામાં આવેલું આર્ય સમાજ ભવન.

ઈ.સ ૧૯૪૧માં સ્વામીશ્રી અદ્વત્તાનંદજી મહારાજે ભાડે મકાન રાખી આશ્રમની સ્થાપના કરી જેનું નામ રાખવામાં આવ્યું હિન્દુ મિલન મંદિર. આ એ જ મંદિર છે જ્યાંથી સુરત માં ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવવા અને વિસર્જન કરવા શરૂઆત કરવામાં આવી.

જુના સુરતની મધ્યમાં આવેલું ઈ.સ ૧૫૧૦ માં બનાવવામાં આવેલ એક તળાવ એટલે ગોપી તળાવ નથી ક્યાં કોઈ કૃષ્ણની ગોપી છતાં કહેવામાં આવ્યું.તળાવને ૧૬ બાજુઓ અને ૧૬ ખૂણાઓ છે તળાવની મધ્યમાં એક બસ્ટર છે જેની ઉપર આ શિવ મંદિર બાંધવામાં આવેલું. તળાવમાં એક ચતુર્મુખી વાવ પણ બાંધવામાં આવી હતી એને કહેવામાં આવે છે ગોપી તળાવ માંથી આખા શહેરને પાણી પૂરું પાડવામાં આવતું.

ઐતિહાસિક વાત કરીએ તો અશ્વિનીકુમાર એટલે મહારથી મહાદાની કર્ણની અંતિમક્રિયાનું સ્થળ.દાનવીર કર્ણની ભૂમિ આ સુરત એટલે જ દાનવીર છે જ્યાં વર્ષોથી લોકો અહીં આવ્યા છે અને ખાલી હાથે ગયા જ નથી પણ લઈને જ ગયા છે.

કોઈપણ એક ઐતિહાસિક વસ્તુ કે ઇમારતો આપણે ખુદે એને જાળવી તેની શોભામાં વધારો થાય એવા પ્રયત્નો કરવા જોઈએ અને આપણાં શહેરને સૌથી સુંદર શહેર બનાવવામાં યોગ્ય ફાળો આપવો જોઈએ.

ટેલર કૃણાલ શાંતિલાલ સુરત

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગ: ગદ્ય
શીષેક: અડી કડી વાવ

ગુજરાતના જૂનાગઢ શહેરમાં ઘણા બધા પ્રાચીન અને ઐતિહાસિક સ્થળ? આવેલ છે. તેમાંથી? આજે આપણે એક એવા સ્થળની શબ્દ સફર કરવી છે ને કે જેના વિશે કહેવત છે કે આ પ્રાચિન સ્મારક જે વ્યક્તિએ નથી જોયું તે વ્યક્તિ જીવતો હોય તો પણ મરેલા સમાન છે.અને આ ઐતિહાસિક જગ્યા એટલે અડી કડી વાવ અને નવઘણ કૂવો.એક કહેવત અનુસાર એમ કહેવાય છે કે 'અડી કડી વાવ અને નવઘણ કૂવો,જેને ન જોયો તે જીવતો મૂઓ'.એટલે કે જે વ્યક્તિએ પોતાના જીવનમાં આ બે ઐતિહાસિક જગ્યાની મુલાકાત ન લીધી હોય એનું જીવન વ્યર્થ સમાન છે.

જૂનાગઢ શહેરમાં ઉપરકોટની અંદર આવેલી આ બે વાવ અન્ય વિસ્તારોમાં જોવા મળતી વાવ કરતાં જૂદી છે.મોટાભાગની વાવો જમીનના વિવિધ પ્રકારના નીચલા પડો અને ખડકોના સ્તરો ખોદીને બનાવવામાં આવે છે.અને પથ્થરના સ્તંભો, તળિયા, બીડીઓ અને દિવાલો જમીન પરનાં બાંધકામની જેમ બનાવાય છે.આ બે વાવના કિસ્સામાં વાવનો હિસ્સો પથ્થરમાંથી કોતરી કાઢેલો છે અને વાવના સ્તંભો, દિવાલો જેવું માળખું મૂળ ખડકની બહાર છે.આ જોતા એવું લાગે કે અહીં કોઈ પણ પ્રકારનું માળખાકીય બાંધકામ કરવામાં આવ્યું નથી, તેથી વાવનું સમગ્ર માળખું એક જ ખડકમાંથી કોતરી કાઢવામાં આવ્યું છે.

૧૫મી સદીમાં બંધાયેલી અડી કડીની સમગ્ર વાવ સખત ખડકમાંથી કોતરી કાઢી છે.૧૨૦ પગથિયાંની સાંકડી સીડી પથ્થરમાં ઊંડે વાવના મધ્યભાગ સુધી કોતરી કાઢવામાં આવી છે.વાવના નામ સંદભેમાં બે દંતકથાઓ? પ્રચલિત છે.એક કથા પ્રમાણે રાજાએ? વાવ બાંધવાનો આદેશ કર્યો અને મજૂરો સખત પથ્થરને ખોદવા નીચે ઉતરી પડ્યાં પણ પાણી મળ્યું નહીં.રાજગુરુએ કહ્યું કે બે કુંવારી કન્યાઓનું બલિદાન આપવામાં આવશે, તો જ પાણી આવશે.અડી અને કડી બે કમનસીબ છોકરીઓને આ માટે પસંદ કરવામાં? આવી અને તેમના બલિદાન પછી પાણી મળ્યું હતું.બીજી કથા થોડી ઓછી રોમાંચક પણ વધુ સંભવિત છે.આ કથા પ્રમાણે અડી અને કડી રાજકુટુંબની દાસીઓ હતી ,જે રોજ વાવમાંથી પાણી ભરતી હતી.ગમે તે કથા હોઇ પણ આજેય લોકો તેની યાદમાં નજીકના? વૃક્ષ પર કપડાં અને બંગડીઓ ટીંગાડે છે.

ઇ.સ.૧૦૨૬માં બનેલા અને કેટલાક સ્ત્રોત પ્રમાણે, એથીય જૂના નવઘણ કૂવાને એક હજાર વર્ષ થવામાં? બહુ થોડા વર્ષ બાકી છે.અંશતઃ મૃદુ ખડકમાંથી બનેલા અને અંશતઃ અન્ય વાવની જેમ બનેલા નવઘણ કૂવાના પગથિયા ૫૨ મીટર (૧૭૦ ફૂટ) નીચે કૂવાના મધ્યભાગની આસપાસ સપોકારે ઊતરીને છેક પાણીની સપાટી સુધી પહોંચાડે છે .આ એક અસામાન્ય બાબત છે. નવઘણ કૂવાના પાણીએ જ ઉપરકોટને લાંબા ઘેરાઓમાં ટકાવી રાખ્યું હતું.

આવી તો અનેક ઐતિહાસિક ઇમારતો,વાવો આપણા ગુજરાતની ધરોહર સમાન છે .આ બધાની જાળવણી કરવાની જવાબદારી જેટલી તંત્રની છે એટલી આપણી પણ છે.જેમકે જ્યારે પણ આપણે આવા સ્થાપત્યો જોવા જઈએ ત્યારે તેની દિવાલો કે કોતરણી પર નામ લખી એ ખરાબ ન કરીએ .કોઇ પણ સ્થાપત્ય જજેરિત થઇ ગયું હોય અને ત્યાં જ ખતરાનું બોડે મારેલ હોય તો દૂરથી જ તેને નિહાળીએ,આમ તંત્રની સાથે આપણે પણ થોડું સમજીને આ બધાની જાળવણી કરીશું તો આપણી આવનારી પેઢી આપણો જાજરમાન ઇતિહાસ જાણી શકશે.

મેઘલ ઉપાધ્યાય રાજકોટ

# બે મહિનાથી વધુ સમય બંધ થયા બાદ ફરી વેપાર-ધંધા-ઓફિસો, બસ સેવા સાથે ફરી ધબકતું થયું ગુજરાત

અમદાવાદ,તા.૧

શહેર આજથી ફરી એક વખત ધબકતું થયું છે. આજથી શહેરમાં તમામ વેપાર- ધંધા- ઓફિસો, બસ સેવા સહિત તમામ રોજગાર ધંધા શરૂ થતાં અમદાવાદ ફરી એકવાર પહેલા જેવું જોવા મળી રહ્યું છે. આજે સવારથી જ છત્રજી-મ્હ્જી બસ સેવા શરૂ થઈ ગઈ હતી. લોકો રોડ પર માસ્ક પહેરેલા જોવા મળ્યા હતાં. સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક બંને સાથે શહેરજનો કામે વળગતા અલગ જ ચિત્ર અમદાવાદનું જોવા મળ્યું છે. કન્ટેનમેન્ટ ઝોન સિવાય બસ સેવાઓ ૫૦ ટકા કેપેસિટી સાથે દોડતી થઈ છે. જી્ બસમાં પણ ૬૦ ટકા લોકો જ બેસે તેવી વ્યવસ્થા કરી બસ શરૂ થઈ ગઈ છે. બીજીતરફ સુભાષબ્રિજ મ્હ્જી તેમજ રાણીપ બસ સ્ટેન્ડ પરથી આજે સવારે એસટી બસ સેવા શરૂ થઈ છે. ઓછી સખ્યામાં બસો દોડતી થઈ છે.

અમદાવાદમાં હવે માર્કેટો શરૂ થયા છે. અમદાવાદમાં રિલીફ રોડ ફરી ધમધમતો થયો છે. લાંબા સમયથી બંધ રિલીફ રોડ શરૂ થયો છે. રિલીફ રોડના માર્કેટ ચાલુ થયા છે. કાપડ, મોબાઈલ, ઈલેક્ટ્રોનિક દુકાનો શરૂ થઈ ગઈ છે.

અનલોક-૧માં સરકાર દ્વારા છૂટછાટ અપાતા રાજકોટ આજ ફરીથી ધમધમતુ થયું છે. રાજકોટ શહેરની મુખ્ય બજારો શરૂ થતા લોકો ઘરની બહાર નિકળ્યા છે. ઘણા સમયથી સુમસામ રહેલા રસ્તા પર લોકો જોવા મળ્યા છે. લોકડાઉન હોવાના કારણે છેલ્લા ઘણા સમયથી રસ્તા પર લોકોની ભીડ ઘટી હતી. જોકે હવે સરકારે છૂટ આપતા રસ્તા ધમધમતા થયા છે.વડોદરામાં અનલોક પાર્ટ-૧માં બજારો ખુલ્યાં છે. લાંબા સમય બાદ ધંધા રોજગાર શરૂ થઇ ગયા છે. વડોદરામાં વેપારીઓએ ધંધા રોજગાર શરૂ કર્યા છે. ચાર દરવાજા વિસ્તાર, રાવપુરા વિસ્તારમાં દુકાનો ખુલી ગઇ છે. સરકારની ગાઈડલાઈન મુજબ વ્યવસ્થા કરાઈ છે.છેલ્લા બે મહિનાના કોરોના વેકેશન બાદ ગાંધીનગર આજે ફરી ધમધમતું થયું હતું ,ખાસ કરીને રાજ્ય વહીવટીતંત્રનું હાર્દ ગણાતું સચિવાલય પણ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓથી ઉભરાવા લાગ્યું હતું.




દેશી પીવાનો દારૂના મોટો જથ્થાનો કેસ શોધી કાઢતી માણાવદર પોલીસ નાયબ પોલીસ મહાનીરીક્ષક સાહેબ મનીદર પ્રતાપ પવાર સાહેબ જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક સૌરભસીંધ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ જે. બી. ગઢવી સાહેબની સુચના મુજબ જીલ્લા માં ચાલતી ગરે કાયદેસર પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા કડક હાથેકામ લેવાની સુચના કરતા માણાવદર પોલીસ સ્ટેશન ના પીએસઆઈ

### મોડાસાની આરોગ્યકર્મી રોશની પંડ્યા

# માતા બનવાની ખુશી થી વધુ કન્ટેન્ટમેન્ટ એરિયામાં ફરજ બજાવતા ખુશી અનુભવતી કોરોના વોરિયર્સ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

આમ તો માતૃત્વ ધારણ કરવાનો પહેલો પ્રસંગ હોય તેની ખુશી સૌથી વધારે માતાને હોય,જે પોતાના આવનાર બાળકને લઈ સૌથી વધારે ચિંતિત હોય, તો વળી સર્ગભા અવસ્થામાં ઘરનો ઉંબરો ઓળંગી બહાર જવાનું ય મહિલાઓ મુનાસીબ માનતી નથી ત્યારે કોરોના જેવી મહામારીમાં પોતાના ઉદરમાં ઉછરતા ગર્ભની સાવચેતી રાખી લોકોના આરોગ્યની દરકાર કરી સાચા અર્થમાં કોરોના યોદ્ધા તરીકે મોડાસાની આરોગ્ય કર્મચારી રોશની પંડ્યા ફરજ બજાવી રહી છે કંટેનમેન્ટ વિસ્તારમાં લોકોને હિંમત આપવાની સાથે મિલનસાર સ્વભાવથી લોક જાગૃતિનું કામ પણ કરી રહ્યા છે

અરવલ્લી જિલ્લામાં કોરોનો પ્રભાવ ગામથી લઈ શહેર સુધી વિસ્તર્યો કે ૧૧૮ લોકો કોરોનાથી સંક્રમિત થયા એમાંય એકલા મોડાસા શહેરમાં જ ૩૭થી વધુ કોરોના પોઝિટીવના કેસ નોંધાયા જેને લઈ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરાયા એવા વિસ્તારમાં માત્ર જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ તેમજ આવશ્યક સેવાઓ સિવાય અન્ય તમામ પર પ્રતિબંધ આવી ગયો, ત્યારે સૌથી મોટી જવાબદારી આરોગ્ય વિભાગના શિરે આવી જાય છે, આવા કોરોના પ્રભાવિત વિસ્તારમાં અન્ય લોકો સંક્રમિત ન થાય તે માટે લોકોના આરોગ્ય સરવે હાથ ધરાય છે અને આ સરવેના પાયામાં કામ કરે છે ફિમેલ હેલ્થ વર્કર શહેરમાં કોરોનાના ૩૭ કેસ હોય ને એમાંય ૪ લોકોના મોત નિપજ્યા છે આ વિસ્તારમાં જવાના નામ માત્રથી પગ ધ્રુજી ઉઠે ત્યારે પોતાના ઉદરમાં ઉછરતા પાંચ માસના ગર્ભ સાથે લોકોને કોરોનાથી બચાવવાનું કામ મોડાસા તાલુકા આરોગ્ય કેન્દ્રમાં કામ કરતી ફિમેલ હેલ્થ વર્કર રોશની પંડ્યા કરી રહી છે.



કોરોનાનું સંક્રમણનું જોખમ વૃધ્ધો-બાળકો અને સર્ગભા મહિલાઓ પર હોય છે


મોડાસા શહેર કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં હેલ્થ સ્ક્રિનિંગ કરી ૨૪ વર્ષિય રોશની પંડ્યાના જણાવ્યા અનુસાર,બે વર્ષ અગાઉ જ આ નોકરીમાં જોડાઈ, જેમાં લોકોના આરોગ્યની ચિંતાએ અમારી કામની પ્રાથમિકતા છે. તો અત્યારે ચાલતા કોરોનાની મહામારીમાં જો બધા જ ઘરમાં રહે તો

કોઈએ તો આગળ આવવું પડશે ને, અત્યારે અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાની અસરમાં આવી ગયા છે ત્યારે મારા પતિ પણ એક આરોગ્ય કાર્યકર તરીકે ભિલોડા તાલુકામાં કામ કરી રહ્યા છે ત્યારે તેમણે પણ સર્વેની કામગીરી સતત ચાલુ હોય તો અમારે પતિ-પત્નીને જોડે રહેવુ અશક્ય હતું તો મારી આવી પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિતએ તો જોડે હોવુ જોઈએ, જેથી મારી મમ્મી ગોધરાથી અહિ આવી ગયા એ પણ મારા બે ભાઈઓ અને પપ્પાને ત્યાં જ મુકીને.

કોરોનાના શરૂઆતના તબક્કેથી જ અમે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ ચાલતી તે સમયથી પરીક્ષાર્થીઓનું થર્મલ સ્કિનિંગથી લઈ, લોકોન હોમ કોરોન્ટાઈન કરવાના,સર્ગભા મહિલાઓનુ સર્વે અને હેલ્થ એજ્યુકેશન આપવાનું કામ કર્યુ જેના પરીણામે પ્રથમ તબક્કામાં ઓછા કેસ નોંધાયા,

વધુ વાત કરતા રોશની પંડ્યાએ કહે છે, પોતાના માતા બનવાની ખુશી વધારે હોય પણ તેથીય વધુ ખુશી ત્યારે મળે જયારે સામાન્ય લોકોને અહેસાસ કરાવીએ કે કોરોનાના કપરા સમયે આરોગ્ય તંત્ર કાયમ આપના પડખે જ છે. સર્ગભા અવસ્થામાં પણ કોરોના પ્રભાવિત વિસ્તારમાં જઈ આરોગ્યનુ સરવે કરતી રચનાના રચનાત્મક કદમ કોરોનાને જરૂર હરાવશે. સ્વહિત કરતા જન હિતની ચિંતા કરતા આવા અનોખા કોરોના વોરીયરને સાચે જ દિલથી જ સલામ કરવાનું મન થાય.

# પાટણ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા કલેક્ટરશ્રીને આવેદન પત્ર અપાયું



તાજેતરમાં બે દિવસ પહેલા ફરજપરના તલાટી કર્મચારી પર ગામના માથાભારે ઈસમ દ્વારા હુમલો કરવાની ઘટનાને પગલે તલાટી કર્મીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો કોરોના વાયરસ ની મહામારીમાં જિલ્લા કલેક્ટર ની સૂચના મુજબ માસ્ક ફરજીયાત ના ચુસ્ત અમલવારી કરવા આદેશ કરવામાં આવ્યા તયારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધાણો ઘરડા ગામે ફરજ પરના તલાટી બિપિન પટેલ દ્વારા ગામ લોકોને ચુસ્ત અમલવારી ના ભાગ રૂપે ધા ધાનો ધરડા ગામેં લોકોને માસ્ક ફરજીયાત પહેરવા કહેવામાં આવતા ધાનો ધરડા ગામના ઠાકોર સોવનજી સુરાજી ને માસ્ક પહેરવાનું કહેતા અચાનક ઉશ્કેરાઈ જતા ફરજ પરના તલાટી બિપિન પટેલ પર હુમલો કરી શર્ટ ફાડી નાખી પગના ભાગે લાકડી મારતા ઈજાઓ થવા પામી હતી ..

પોલીસ દ્વારા હુમલો કરનાર ઈસમ ને તાત્કાલિક ધોરણે પકડી કાયદેસર કાર્યવાહી કરી ફરજ પરના તલાટી ને ન્યાય મળે એવી પાટણ જિલ્લા તલાટી કમ મંત્રી મંડળ ના સતિષભાઈ, કૌશિકભાઈ , વિઠ્ઠલભાઈ, ભરતભાઈ , અંબારામ ભાઈ, સરસભાઈ, ફુલજીભાઈ દેસાઈ ગ્રામ સેવક મંડળ ના પ્રમુખ દ્વારા માંગ કરાઈ...

# દાંતા તાલુકાનુ વસી ગામ ગ્રુપ ગ્રામ સચિવાલય તરીકે ઓળખાતી પંચાયત બની ગંદકીનું સામ્રાજ્ય

× આઝાદી ના વર્ષો બાદ વિકાસ માટે તરસતું વસી ગ્રુપ ગ્રામ સચિવાલય, સ્થાનીક સમસ્યાઓ નો નિકાલ ન આવતા ગ્રામજનો ભારે હેરાન પરેશાન ×ગંદકીનું સામ્રાજ્ય એટલે દાંતા તાલુકાનું વસી ગ્રુપ ગ્રામ સચિવાલય તરીકે ઓળખાતી ગ્રામ પંચાયત

ભારત દેશ આઝાદ થયો આઝાદી બાદ જમ્મુ કાશ્મીર થી લઈ કન્યાકુમારી સુધી રોડ, પાણી અને વીજળી ની સમસ્યાઓ દૂર થઈ હાલમાં ભારત દેશ ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહ્યો છે સાથે દેશ નું રોલ મોડેલ ગણાતું ગુજરાત પણ વિશ્વ મા અગ્રેસર રહ્યું છે ત્યારે આજ ગુજરાત ના બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંતરિયાળ ગામ આવેલું વસી ગ્રુપ ગ્રામ સચિવાલય ગામમા મા રોડ ગટર લાઈન અને વિવિધ સમસ્યાઓથી ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ ગયા છે ત્યારે જવાબદાર તંત્ર આ બાબતે કોઈ જ પગલા ન લેતા ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે

ગામમાં ગટર લાઈન અને પાકા રસ્તા તો છે પણ માત્ર કાગળો પરજ છે છેલ્લા ઘણા સમયથી પંચાયત ના માણસો જોવા આવે છે કે રસ્તા અને ગટર લાઈન કરવાની છે પણ કોઈ જાત ની કામગિરી ચાલુ નથી થતી ગામ માં ઠેર ઠેર ઉકારડાઓ એ માજા મૂકી છે જ્યાં ગામ લોકો વસવાટ કરી રહયા છે ત્યાં તેમની ગરની બાજુમાજ ઉકરડા અને ઢોર બાંધવામાં આવે છે

દાંતા તાલુકામાં આવેલું વસી ગ્રુપ ગ્રામ સચિવાલય ગામના વિકાસની દ્રષ્ટિએ ઘણું પાછળ રહી ગયું છે આ ગામમાં વિવિધ પ્રકારના સરપંચ અને તલાટી કામગીરી કર્યા બાદ પણ આ ગામની સમસ્યા ઠેરની ઠેર રહી છે ગામના રસ્તાઓ ઉબડ ખાબડ થઈ ગયા છે ગામમાં ગંદકીએ માઝા મૂકી છે ગંદકીના કારણે ટાઈફોઈડ મેલેરિયા અને ડેન્ગ્યુ અને કોરોના જેવા રોગો થી કોઈ બીમાર પડે તો તેની જવાબદારી કોની ? આ ગામમાં તલાટી પણ આંખ આડા કાન કરી રહ્યા છે આ ગામમાં રાજકીય નેતાઓ પણ પોતાના વોટ માટે ગ્રામજનો ઉપયોગ કરી પાંચ વર્ષ માટે જતા રહે છે આ ગામની સમસ્યાઓથી ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ ગયા છે આવનારા દિવસોમાં આ બાબતે કાયમી નિકાલ નહી આવતા ગ્રામ જનોમાં નારાજગી જોવા મળી.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

## “ Wrold Tobacco day જાગૃતિ અભિયાન”



સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના સાબરમતી વિસ્તારમાં વલ્ડ ટોબેકો દિવસ ઉજવાયો હતો આજે જ્યાં જોવો ત્યાં વ્યાસન ચોટી ને બેસ્યું છે **NCB** દ્વારા અનેક કાર્યક્રમો કરે છે છતાય લોકો વ્યાસન ના રવાડે ચડતા હોય છે અહી જે લોકો પોતાની હેલ્થ કોન્સેસ બને અને કોઈ નસીલા દ્રવ્યોનું વ્યાસનના કરે તે માટે સમજણ આપવામાં હતી અહી લોકો ને નશાની લતથી છોડવા માટે અને તેમને નશીલા પદાર્થોથી દુર રહેવા માટે તેમની પત્નીઓને તથા તેમના છોકરા-છોકરીઓ ને સમજવામાં આવ્યા હતા પોતાના ઘરે પિતા કે છોકરો ગુટકા,દારૂ,ગાંજો,ચરસ,અફીણ,નસીલા ઈન્જેકશન વિગેરે જેવી ખોટી આદતોનો શિકાર ના થાય તે માટે “ પહેલું સુખ જાતે સુખ નર્યા” અહી ફાઉન્ડર જીત પારેખ, ટ્રસ્ટીશ્રી આનંદ પારેખ સાથે દવીજન ત્રિવેદી, અભિષેક રાજગુરુ, અને કાઉન્સીલર સંજયભાઈ લીમ્જે દ્વારા સમજવામાં આવ્યા હતા અને કોરોના વિશે સાવધાની રાખવી- ડીસ્ટન્સ રાખવા માટે હાથ જોડી અપીલ અપીલ કરી હતી .

### જનહિતકામોને અગ્રતા આપવાના ધ્યેય સાથે

# વલસાડ જિલ્લા કલેકટર તરીકેનો પદભાર સંભાળતા શ્રી આર.આર.રાવલ



ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી આર.આર.રાવલની બઢતીથી વલસાડ જિલ્લા કલેકટર તરીકે નિયુકત કરાતાં તેમણે જનહિતકામોને અગ્રતા આપવાના ધ્યેય સાથે આજે જિલ્લાનો પદભાર સંભાળી લીધો છે. મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના ઉનાવાના વતની શ્રી આર.આર.રાવલ બી.કોમ., એલ.એલ.બી.ની ડીગ્રી ઉપરાંત નેધરલેન્ડ ખાતે પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન પબલિક પોલીસી એન?ડ ડેમોક્રેટાઈઝેશનની પદવી પણ મેળવી ચૂકયા છે.

શ્રી આર.આર.રાવલ ૨૦૦૯ની બેચના સનદી અધિકારી છે. તેઓ દેવભૂમિ દ્વારકા ખાતે પણ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકયા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરાના મહામારીમાં આરોગ્ય સેવા સુંદર રહે તે માટે શ્રી આર.આર. રાવલે ભારે જહેમત ઉઠાવી છે. શ્રી રાવલ એર કન્ડશન ચેમ્બરમાં બેસીને વહીવટ કરવાને બદલે સતત ફિલ્ડમાં જઈને કામ કરનારા ઉપરાંત વર્તમાન પરિસ્થિતિમાં જે અધિકારીઓ પોતાની ફરજ અત્યંત નિષ્ઠાથી બજાવી રહયા છે તેવા અધિકારી તરીકેની છાપ ધરાવે છે.

# અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને કરાઈ રજુઆત



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને રજુઆત કરી કોરોના વાયરસ (કોવિડ૧૯) સામે આખો દેશ લડી રહ્યો છે જયારે આવી મહામારીના સમયે સરકારના આદેશનું ઉલ્લંઘન કરી ફી ઉઘરાવતી ખાનગી શાળાઓ સામે કડક માં કડક કાર્યવાહી કરવામાં આવે ૩ મહિના સુધી કોઈપણ શાળા વાલીઓ પાસે ફીની માંગણી ન કરે અને ફી માં વધારો ના કરે તેવી રજુઆત કરવા માં આવી જો કોઈ પણ શાળા ફીની માંગણી કરે, ફીમાં વધારો કરવા માં આવે તો તેની માન્યતાઓ રદ કરવી પડે તો માન્યતા રદ કરવા ની પણ અપીલ કરવા માં આવી છે

આવી શાળા ઓને અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા તેને ખુલ્લી પાડી અધિકારીઓ દ્વારા તેની સામે કાયદેસર ની કાર્યવાહી કરાવશે આ તમામ રજુઆત સાંભળી જિલ્લા શિક્ષણ અધિકારીએ આવી શાળાઓની તપાસ કરી કાર્યવાહી કરવાની ખાતરી આપી છે

### અપહરણ તથા પોકસોના ગુન્હામાં

# નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી

શ્રી નિર્લિપ્ત રાય સાહેબ પોલીસ અધિક્ષક અમરેલી નાઓએ રાજયના નાસતાં ફરતા આરોપીઓ તેમજ ગુન્હાના કામે પકડવાના બાકી આરોપીઓ તથા ફરાર કેદીઓ અંગે માહીતી મેળવી નાસતા ફરતા આરોપીઓ વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરવા અમરેલી જીલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીના ઈ.ચા પો.સબ ઈન્સ. શ્રી આર.કે.કરમટા સાહેબ ના માર્ગદર્શન મુજબ પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીના એ.એસ.આઈ. બી.વી.પરમાર તથા હેડ કોન્સ. શ્યામકુમાર બગડા તથા હેડ કોન્સ. અજયભાઈ સોલંકી તથા હેડ કોન્સ. જયદિપસિંહ ચુડાસમા તથા પો.કોન્સ. જીજ્ઞેશભાઈ પોપટાણી તથા પો.કોન્સ. જનકભાઈ કુવાડીયા તથા પો.કોન્સ. રાઘવેન્દ્રકુમાર ધાધલ નાઓની ટીમ દ્વારા સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.11193053200507/ 2020 IPC f.363,366 તથા પોકસો ક.૧૮ વિ. મુજબ



અપહરણના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ગીરસોમનાથ જીલ્લાના ઉના તાલુકાના ઉમેજ ગામેથી શોધી કાઢી આગળની ઘટતી કાર્યવાહી કરવા સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ને સોંપી આપેલ.

પકડાયેલ આરોપી:-

રામભાઈ જોરૂભાઈ ગોહિલ ઉ.વ.૨૭ ધંધો-જેસીબી ડ્રાઈવર રહે.ઉમેજ તા.ઉના જી.ગીરસોમનાથ વાળાને તા.૨૯/૦૫/૨૦૨૦ ના રોજ અંગત બાતમી રાહે હકિકત આવતા આરોપી શોધી આગળની ઘટતી કાર્યવાહી કરવા સાવરકુંડલા રૂરલ પોલીસને સોંપવા તજવીજ કરેલ.આમ, શ્રી નિર્લિપ્ત રાય પોલીસ અધિક્ષકશ્રી અમરેલી નાઓની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ આર.કે.કરમટા સાહેબ તથા પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી દ્વારા સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ના અપહરણના ગુન્હાના કામના નાસતા ફરતા આરોપીને ગીરસોમનાથ જીલ્લાના ઉના તાલુકાના ઉમેજ ગામેથી શોધી કાઢી આગળની ઘટતી કાર્યવાહી કરવા સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ને સોંપી આપેલ.

### ગુજરાતી ફિલ્મ, ટેલિવિઝન અને મ્યુઝીક આલ્બમના

# શુટિંગ શરૂ કરવા દેવા માટે ગુજરાત સરકાર ને વિનંતી કરવામાં આવી

મુંબઈ એ ફિલ્મ ઈન્ડસ્ટ્રી નું હબ ગણાય છે. અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી, ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીના અનેક સંગઠનોએ મહારાષ્ટ્ર સરકારને સૂચનો આપતા એક ચોક્કસ ગાઈડલાઈન જારી કરીને મહારાષ્ટ્ર સરકારે ગઈકાલે શૂટિંગો શરૂ કરવાની મહારાષ્ટ્ર માટે પરમીશન આપી છે. તેને ધ્યાને લેતા, ગુજરાતમાં આ ઈન્ડસ્ટ્રી પ્રમાણમાં ખુબ નાની હોવા છતાં હજારો કલાકારો કસબીઓ આના પર આધારિત છે. ખાસ કરીને નાના મ્યુઝીક આલ્બમોનો વ્યવસાય ગુજરાત માં ખુબ મોટા પાયે પાગરેલો છે અને અનેક લોકોની રોજીરોટી આના પર આધારિત છે. આજે મેં ગુજરાત ના મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી ને ગુજરાત ના કલાકારો અને કસબીઓ વતી એક પત્ર લખીને વિનંતી કરી છે કે ગુજરાત માં પણ આવી ચોક્કસ ગાઈડ લાઈન બનાવી તાત્કાલિક અસરથી આવા શુટિંગ શરૂ કરવા માટે મંજુરી આપવામાં આવે. અમને આશા છે કે સરકાર અમારી આ વિનંતી ને ત્વરીત ધ્યાન પર લેશે.. આભાર..

અભિલાષ ઘોડા......

# ભાવનગરમાં તોફાની વાવાઝોડા સાથે વરસાદનું આગમન

રીપોર્ટ નઈમ કાગદી

ગુજરાત માં અસહય ગરમી બાદ હવામાન માં અચાનક પલટો આવી જતા ઘણા બધા જિલ્લામાં ગાજવીજ અને પવન સાથે ચોમાસાનું આગમન જોવા મળી રહ્યું છે વાંકાનેર અને ગોંડલમાં ચોમાસા એ એન્ટ્રી મારી દીધા બાદ ગઈકાલે ભાવનગરમાં પણ તોફાની વાવાઝોડા સાથે મેઘરાજાનું આગમન થયું છે આમતો ગુજરાતમાં ૧૫ જૂનથી ચોમાસાનું આગમન થાય છે પણ આ સિઝનમાં પંદર દિવસ અગાઉ મેઘરાજાનું આગમન થતાં સારા સંકેત જણાય રહ્યા છે હવે જોવાનું એ રહ્યું કે આ ચોમાસામાં મેઘરાજા કેવા મહેરબાન થાય છે.

# જામનગરમાં કોરોના ભય તળે રાબેતા મુજબ થતું જનજીવન

અકબર દિવાન

કોરોનાવાયરસ હજી વણથંભ્યો છે છતાં પણ લોક સુવિધા માટે જામનગરમાં ઘણી બધી છૂટછાટ આપવામાં આવી રહી છે સરકાર શ્રી દ્વારા છૂટછાટની જાહેરાત કરતા નગરવાસીઓ આનંદમાં આવી ગયા છે સતત ચાર લોક ડાઉન દરમિયાન ધંધા રોજગાર બંધ હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા પણ લોક ડાઉન ( ૫ ) માં કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં શરતોને આધીન ચા પાન તેમજ તમામ પ્રકારની છૂટક દુકાનો શરૂ કરી દેવામાં આવી છે

ઓટો રીક્ષામાં બે પેસેન્જર બેસાડીને પરિવહન કરી શકાશે તેમજ ટુ વ્હીલરમાં ડબલ સવારી છૂટ આપવામાં આવી છે લોકો દ્વારા સોશિયલડિસ્ટન્સ નું પાલન કરવાનું રહેશે તેમજ માસ્ક ફરજીયાત રહેશેહાલના તબક્કે સરકાર શ્રી દ્વારા જરૂરિયાત મુજબ ધંધા રોજગારની પરવાનગી આપવામાં આવી છે પણ લોકોએ ખાસ તકેદારી રાખવી જરૂરી છે



તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ માર્કેટ યાર્ડ,સમી ખાતે ખેડૂતોની વેદનાને વાચા આપવા માટે રાધનપુર ના જાગૃત ધારાસભ્ય શ્રી રઘુભાઈ દેસાઈ દ્વારા પ્રાંત અધિકારીશ્રીને આવેદન પત્ર આપવા જતા પોલીસ દ્વારા રઘુભાઈ દેસાઈ (ધારાસભ્ય,રાધનપુર) અજમલભાઈ ગામી(નાયકા) ભરતભાઈ ચાવડા, પસાભાઈ નાડોદા, અનિલભાઈ ચૌધરી, હસમુખભાઈ ભામાથર તેમજ ખેડૂતોની ધરપકડ કરવામાં આવી.. નિખિલ જોષી ચાણસ્મા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.